ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૨૭.૨ ડીગ્રી
લઘુતમ : ૧૫.૪ ડીગ્રી
ભેજ
સવારે ૭૮ ટકા ● સાંજે ૬૬ ટકા

# ઓટો રિક્ષાનું ભાડું વધારવા ઊઠી માંગ

## સીએનજી સાથે પીએનજીના ભાવ પણ વધ્યા : અંતે મોંઘવારીનો માર સામાન્ય નાગરિકોના માથે

ગાંધીનગર, તા.૨

પેટ્રોલ-ડિઝલ બાદ સીએનજીના ભાવમાં વધારો કરાતા સામાન્ય જનતા ત્રાહિમામ પોકારી ઊઠી છે ત્યારે સીએનજી ગેસના ભાવમાં ૨.૫૦ રૂપિયાનો તોતિંગ વધારો કરાતાં નાગરિકોને નવા વર્ષમાં જ ઝટકો લાગ્યો છે. સીએનજીના ભાવમાં સતત વધારો થઈ રહ્યો છે. સીએનજીના ભાવમાં ૨.૫૦ રૂપિયાનો વધારો નોંધાવા સાથે જ ભાવ રૂપિયા ૭૦.૦૯ થયો છે. એક વર્ષમાં સીએનજીનો ભાવ રૂપિયા ૫૩.૭થી વધીને ૭૦.૦૯ સુધી પહોંચ્યો છે. એક વર્ષમાં જ સીએનજીના ભાવમાં૧૮ વખત વધારો થયો છે. ભાવ વધતા રીક્ષા ચાલકોએ રિક્ષા ભાડામાં વધારો કરવાની માંગ કરી છે. રિક્ષા ચાલકોએ મિનિમમ ભાડું ૩૦ રૂપિયા કરવાની માંગ કરી છે. રિક્ષા સંચાલકો દ્વારા રિક્ષા ભાડુ વધારવાની માંગ કરવામાં આવી છે ત્યારે પેસેન્જર ઉપર બોજો વધવાની શકયતા છે.



સ્કૂલ રીક્ષા સંચાલકોએ અગાઉ પણ રિક્ષા ભાડું વધાર્યું હતું જેથી વાલીઓને ફટકો પડયો હતો. અંતે મોંઘવારીનો માર સામાન્ય નાગરિકોના માથે પડે છે. સીએજીના ભાવમાં વધારો થાય ત્યારે રિક્ષાલચાલકોને મુશ્કેલીઓ પડે છે. જો તેઓ ભાડામાં વધારો ન કરે તો તેમને વધારે ખોટ થઈ શકે છે અને ઉપરથી કોરોના મહામારીનું સંકટ જેથી કોરોના ગાઈડલાઈન મુજબ સોશિયલ ડિસ્ટન્સીંગનું પાલન થવું જોઈએ તેથી રિક્ષામાં ઓછા પેસેન્જરોને જ બેસાડવામાં આવે છે. કોરોનામાં સૌથી વધારે રિક્ષા ચાલકોને આર્થિક મુશ્કેલીઓ પડી છે. કોરોનાકાળ બાદ પણ રિક્ષાચાલકોને આર્થિક રીતે ખોટ જ થઈ રહી છે. ઓફલાઈન શિક્ષણમાં વિદ્યાર્થીઓની ઓછી હાજરીને કારણે ઘણી રિક્ષાઓ બંધ થઈ ગઈ છે. રિક્ષાચાલકોએ રિક્ષાનો ધંધો બંધ કરીને બીજા નાના નાના વેપાર ધંધા શરુ કરી દીધા છે. આર્થિક મુશ્કેલીઓના કારણે પરીવારનું ગુજરાન ચલાવવું મુશ્કેલ બનવાથી વેપારીઓ ગમે તે નાનો ધંધો વેપાર કરીને પરિવાર માટે રોજી રોટી કમાય છે. તેમાં આ રીતે મોંઘવારી દિવસેને દિવસે વધવાથી રિક્ષા સંચાલકોએ રિક્ષા ભાડામાં પણ વધારો થાય તેવી માંગ કરી છે. રિક્ષા સંચાલકોને રિક્ષાના ટેકસ, સાધનસામગ્રીના ભાવ વધારે, એકસેસરીઝ મોંઘી બનતા અંતે ખોટ થાય છે જો રિક્ષાચાલકોની આ સતત વધતી મોંઘવારીમાં ભાડામાં વધારો કરવાની માંગ સ્વીકારાય તો તેમની મુશ્કેલીનો અંત આવી શકે છે. રિક્ષા સંચાલકો ખોટ ખાઈને વેપાર ધંધો કરવા માંગતા નથી.

**જન્મદિને વધામણી**



રેખાબેન આચાર્ય
લાયોનેસ ક્લબ



ફેનિલ રામી
મો. ૯૯૨૪૪ ૪૬૬૪૫



પંચમ કુંતલ નિમાવત
મો. ૯૮૨૪૯ ૧૦૧૪૫



ફલક અર્પિત જોષી



કૈરવી ચૌહાણ

## સાઈ ખાતે 'વિક એન્ડ કબડ્ડી બોયઝ લીગ' યોજાઈ






ગાંધીનગર, તા.૧

ગાંધીનગરના સે.૧૫માં સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે વર્ષના પ્રથમ દિવસે તા.૧લી જાન્યુઆરી, શનિવારે સાંજે 'વિક એન્ડ કબડ્ડી બોયઝ લીગ'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના મુખ્ય અતિથિ પદે ટોક્યો પેરા ઓલિમ્પિકના સિલ્વર મેડલિસ્ટ ખેલાડી પદ્મશ્રી દેવેન્દ્ર ઝાંઝરિયા ઉપસ્થિત રહ્યાં હતા.

પ્રથમ મેચ પ્રદર્શન મેચ સાઈ ગર્લ્સ ટીમ વચ્ચે રમાઈ હતી અને તે ૩૨-૩૪ની નજીકના સ્કોરની રોમાંચક મેચ હતી. આ લીગમાં ચાર ટીમોએ ભાગ લીધો હતો જેમાં બે ટીમો સાઈ - એ અને સાઈ - બી હતી જ્યારે અન્ય બે ટીમો 'બ્લેક કીટ' અને 'સુરત સિટી' હતી. એકબીજા સામે રમ્યા પછી સાઈની ટીમ સાઈ - એ અને બ્લેક કિટ ફાઈનલ મેચ રમી જ્યાં સાઈની ટીમ ૨૯-૩૭ની લીડ સાથે વિજયી થઈ હતી. આ પ્રસંગે દેવેન્દ્ર ઝાંઝરિયા ઉપરાંત સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના નિયામક પ્રશાંત કુમાર રાઘવના હસ્તે તમામ ખેલાડીઓને ઈનામો આપીને પ્રોત્સાહિત કરાયાં હતા અને બ્લેક કીટ ટીમના ખેલાડી અનિરુદ્ધને 'ઈન્સ્પાયરિંગ પ્લેયર ઓફ ધ લીગ'નો એવોર્ડ મળ્યો હતો.



ગાંધીનગર જૈન સંઘ - સેક્ટર ૨૨ ખાતે બિરાજમાન જૈન સંત પૂ.જિનપ્રેમવિજયજી મહારાજ સાહેબના દર્શનાર્થે ભારત સરકારના કેન્દ્રીય પશુપાલન મંત્રી પુરુસોત્તમ રૂપાલા પધાર્યા હતા. આ પ્રસંગે તપોવન સંસ્કાર પીઠના બાળકો ઉપસ્થિત રહ્યાં હતા.

## ચિલોડા એસ.પી. રિસોર્ટ ખાતે સેવાસેતુ કાર્યક્રમ યોજાયો






ગાંધીનગર, તા. ૨

ચિલોડા એસ.પી. રીસોર્ટ ખાતે સેવાસેતુ કાર્યક્રમ યોજાયો હતો. જે શિહોલી મોટી, દશેલા, ધરમપુર, લેકાવાડા અને આલમપુરના ગ્રામજનો માટે આયોજીત કરેલ હતો. જેમાં અરજદારો આવકના દાખલા, આધારકાર્ડ તેમજ જનસેવાની કામગીરી તેમજ આરોગ્યને લગતી સેવા, હોમિયોપેથી, તબીબી તપાસ, ડાયાબિટીસ, બીપી, રસીકરણ, વિવિધ પ્રમાણપત્રો, જાતિનો દાખલા, સિનિયર સિટીઝન કાર્ડ, રેશનકાર્ડ સહિતની કામગીરી, ખેતીવાડી વિભાગ વગેરેની કામગીરી ઘરઆંગણે ઉપલબ્ધ કરાવવામાં આવતાં ગ્રામજનોએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો. આ કાર્યક્રમમાં ધારાસભ્ય શંભુજી ઠાકોર, ભાજપના અગ્રણી એસ.પી.ઠાકોર તથા મામલતદારના હસ્તે પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા.

સેક્ટર-૩ ન્યૂ શિવશકિત ચોક ખાતે બહેનોએ ભેગા મળી ૪૦ કિલો લાડુ શ્વાનો માટે બનાવીને સેક્ટર અને આસપાસના વિસ્તારમાં વિતરણ કર્યું હતું. શિયાળાની કડકડતી ઠંડીમાં ઠુંઠવાતા શ્વાનો માટે દર વર્ષની જેમ આ વર્ષે ૪૦ કિલો લાડુ તૈયાર કર્યા હતા.



## વર્ષ ૨૦૨૨ની પ્રથમ પુસ્તક પરબ યોજાઈ



ગાંધીનગરમાં છેલ્લા ૭ વર્ષથી સુવાંચને પ્રોત્સાહન મળે તેમજ માતૃભાષાના સંરક્ષણ અને સંવર્ધનને બળ મળે તેવા પ્રયાસ સાથે પુસ્તક પરબ યોજાય છે જેમાં શહેરના વાચકો પોતાને પસંદગીના પુસ્તકો તથા સામયિકો વિનામૂલ્યે પ્રાપ્ત કરે છે. દર માસના પહેલા રવિવારે યોજાતી આ પ્રવૃત્તિ અંતર્ગત વર્ષ ૨૦૨૨માં પ્રથમ પુસ્તક પરબ રવિવારે સવારે સે-૧૨માં બલરામ મંદિર પરિસરમાં યોજાઈ હતી. જેમાં મોટી સંખ્યામાં શહેરના વાંચન રસિકોએ ઠંડીનો માહોલ હોવા છતાં લાભ લીધો હતો.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. વ્યાસ મનોરમાબેન નરેન્દ્રકુમાર, ઉ.વ. ૭૧, સેકટર-૨૭
- સ્વ. પ્રજાપતિ વિરાભાઈ પ્રભુદાસ, ઉ.વ. ૭૦, સોનીપુર
- સ્વ. જાદવ ખોડસિંહ ઉદેસિંહ, ઉ.વ. ૫૯, સેકટર-૧૯
- સ્વ. વણઝારા ધર્મિષ્ઠાબેન હરિલાલ, ઉ.વ. ૪૧, શિહોલીમોટી



સુંદરકાંડ પરિવાર દ્વારા પંચદેવ મંદિર ખાતે સુંદરકાંડ પાઠનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં ભાવિ ભકતોએ લાભ લીધો હતો. સુંદરકાંડ પરિવારનું નેતૃત્વ કરતા એવા દેવાશુંભાઈ પંડયા અને ધીમંતભાઈ પંડિતની આગેવાની હેઠળ આયોજન કરવામાં આવ્યું હતું.

# શહેરના હાર્દસમા સેકટરો પૈકીનું છતાં અનેક સમસ્યાઓથી ત્રસ્ત સેકટર-૭..!!

## સે-૭માં જાહેર સફાઈમાં બેદરકારીથી માંડીને બંધ સ્ટ્રીટલાઈટો અને રખડતાં કૂતરાં કરડવાની સમસ્યા : સેકટરમાં રહેણાંકમાં કોમર્શિયલ દબાણોથી માંડીને સતત વધતી ગેરકાયદેસર ઝુંપડપટ્ટીઓ સાથે ઘરફોડ ચોરીનું દૂષણ સતાવી રહ્યું છે



**મારું સેક્ટર મારી સમસ્યા**
**સમીર રામી**

ગાંધીનગર, તા.૨

ગાંધીનગરમાં જે કોઈ બહારગામથી એસ.ટી. બસમાં બેસીને આવે તેની બસ ડેપોની બહાર નીકળતા જ સામે નજરે ચઢે તે શહેરનું સેકટર-૭ છે. ઘ-૩ સર્કલની ભારે ચહલપહલ સાથે સેકટર-૭ના ખૂણા પર ખાણીપીણીની લારીઓ અને તેની પાછળ દેખાતા ડૉકટરો, દવાખાનાઓ અને લેબોરેટરીના પાટીયાં જાણે અત્યારે સેકટર-૭ની પ્રાથમિક ઓળખ બની ગયા છે. જો કે સેકટરના આ બાહ્ય ચહેરાંને એક તરફ રાખીને અંદર પ્રવેશીએ ત્યારે સોહામણું ભાસતું સેકટર-૭ શહેરનાહાર્દ સમા સેકટરો પૈકીનું એક છે અને આરોગ્ય વિષયક ખાનગી સેવાઓ ઉપરાંત ચૌધરી શૈક્ષણિક સંકુલ તેમજ સામાજિક પ્રસંગો માટેની સૌરાષ્ટ્ર લેઉઆ પટેલ સમાજવાડી ઉપરાંત સાંજના સમયે કિડિયારુ ઉભરાતું હોય તેવું શાકમાર્કેટ સે-૭ની ઓળખ બની ચુકયા છે. આ સેકટરમાં આમ તો રોડ-રસ્તા સારા છે પણ સેકટર-૭ની સમસ્યાઓ થોડીક અલગ છે.

સેકટર-૭માં અત્યારે જો સોથી વધુ સતાવતી સમસ્યાઓ હોય તો તે સેકટરની જાહેર સફાઈમાં ઉપેક્ષા, સતત વધતી ઝુંપડપટ્ટીઓ, બંધ સ્ટ્રીટલાઈટો અને તુટેલા સાઈન બોર્ડ સાથે શહેરની વચ્ચોવચ હોવા છતાં ઘરફોડ ચોરીઓની ધોળા દિવસે પણ બનતી ઘટનાઓ છે. આ ઉપરાંત સેકટર-૭માં રખડતાં કૂતરાં કરડી જવાની ઘટનાઓએ પણ માઝા મુકી છે જયારે સેકટરના બાહ્ય ચહેરામાં દેખાઈ આવતાં રહેણાંક વિસ્તારમાં કોમર્શિયલ દબાણો જેવા ધમધમતા દવાખાના અને હોસ્પિટલો જે અંગે સેકટરવાસીઓ અગાઉ આંદોલન પણ કરી ચુકયાં છે છતાં કોઈ તંત્ર તેમને હટાવી શકયું નથી, બલકે દિવસેને દિવસે વધતાં જ જઈ રહ્યાં છે. સેકટર-૭માં મુખ્ય શોપીંગ સેન્ટર સાથે સંલગ્ન શાકમાર્કેટ વિકસ્યું હોવાથી સાંજના સમયે ભરચક ટ્રાફિકના પ્રશ્નો ઉભા થાય છે



પરંતુ શોપીંગ સેન્ટરના વેપારી કમલેશભાઈ ચોઈથાણીના મતે તેમનો મુખ્ય પ્રશ્ન તેમણેહરાજીમાં લીધેલ માલિકીની દુકાનોને પણ સરકાર રિનોવેશન કરવાની મંજૂરી આપતી નથી તેનો છે.

સેકટર-૭-ડીમાં રહેતા વડીલ અને ગાંધીનગર શહેર વસાહત મહામંડળના ઉપપ્રમુખ મયુરભાઈ વ્યાસના જણાવ્યા અનુસાર તેમના સે-૭-ડીમાં છેલ્લા એક સપ્તાહથી બંધ સ્ટ્રીટલાઈટો અંગે તેમણે વીજકંપનીની વેબસાઈટ પર અઢળક ફરિયાદ નોંધાવી છતાં કોઈ જોવા પણ આવતું નથી. વળી અહીં પાણીનો ફોર્સ એટલો ધીમો આવે છે કે ઘરના રસોડા સુધી પણ પાણી આવતું નથી. સેકટર-૭-એનું પોતાનું વસાહત મંડળ છે જે ખૂબ એકિટવ હોવા સાથે અનેક પ્રકારની રચનાત્મક પ્રવૃત્તિઓ પણ કરે છે જેના પ્રમુખ જસવંતભાઈ ગાંધીના જણાવ્યા અનુસાર સેકટરમાં જાહેર સાફસફાઈ બાબતે ખુબ બેદરકારી જોવા મળે છે તેમજ વૃક્ષોનું યોગ્ય ટ્રીમીંગ થતું નથી. સ્ટ્રીટલાઈટમાં ઓછા વોલ્ટેજને કારણે પુરતો પ્રકાશ નથી મળતો, બગીચો આશરે ૩.૫ કરોડના ખર્ચે વિકસાવ્યો છે પરંતુ તેમાં પુરતી બેઠક વ્યવસ્થા ના હોવાથી 'અનકર્મફટેબલ' લાગે છે. વળી, સે-૭એમાં પ્લોટ નં. ૨૫૬ પાસેના નાના બગીચાને ફેન્સિંગની તાતી જરૂર છે. સેકટરમાં રંગમંચ તો નથી પરંતુ એક આયુર્વેદિક આરોગ્ય કેન્દ્ર હતું તે પણ છીનવાઈ ગયું છે.

સેકટર-૭ વસાહત મંડળના પ્રમુખ અને અગ્રણી લાલુભા વાઘેલાએ જણાવ્યું હતું કે સેકટરમાં જાહેરસફાઈનો પ્રશ્ન સફાઈ કામદારોની મનપા સાથેની મડાગાંઠના લીધે સતાવી રહ્યો છે અને સે-૭-સીમાં શિવશકિત મંદિર પાસે ૨૦ સ્ટ્રીટલાઈટો છેલ્લા બે અઢી વર્ષથી બંધ છે. સે-૭માં રખડતાં કૂતરાં કરડી જવાની સમસ્યા વધી ગઈ છે જયારે ચોમાસામાં વરસાદી પાણીનો ભરાવો પણ રોડ લેવલીંગમાં અણઘડ આયોજનને કારણે થાય છે. સેકટરમાં વધતી ઝુંપડપટ્ટી માથાનો દુખાવો બની છે અને ઘરફોડ ચોરીનું દૂષણ ખૂબ જ વધી ગયું છે. સેકટર-૭નું પોલીસ સ્ટેશન સે-૬માં છે અને સે-૭માં જે ઈન્ફોસિટી પોલીસ સ્ટેશન છે તે વસાહતીઓને કામનું નથી.

ભારતમાતા મંદિર અને શિવશકિત મંદિર જેવા સ્થળો ધરાવતા સેકટર-૭માં શહેરના નવા સેકટરો માટેનું મુખ્ય શાકમાર્કેટ ભરાય છે પરંતુ આ શાકમાર્કેટના વેપારીઓને કાયમી યોગ્ય સ્થાન આપવાની માંગ ટલ્લે ચઢેલી છે. સેકટરમાં ગટર ઉભરાવાની સમસ્યા ખૂબ ઓછી છે પરંતુ સેકટર ફરતેની ફુટપાથ પર લારી પાથરણાંના સહિત ઝુંપડપટ્ટીનો વધતા દબાણો આખેઆખી ફુટપાથ જ દબાવી રહ્યા છે. આમ જુઓ ને સે-૭ સોહામણું છે પરંતુ આમ જુઓ તો અહીં પણ સમસ્યાઓનો પાર નથી.

●●●

સે-૭માં જાહેરસફાઈમાં ઉપેક્ષા સાથે બંધ સ્ટ્રીટલાઈટો, પાણીનો ધીમો ફોર્સ, કોમર્શિયલ દબાણો અને વધતી ઝુંપડપટ્ટીઓ સાથે ઘરફોડ ચોરીની વધતી ઘટનાઓ સાથે રખડતાં કૂતરાં કરડી જવાના અસંખ્ય બનાવો સર્જાઈ રહ્યા છે. સેકટરનું એક દવાખાનું હતું તે પણ અન્યત્ર ખસેડી લેવાયું છે જયારે ખાનગી દવાખાનાનો રહેણાંક વિસ્તારમાં બેરોકટોક ચાલતો વેપલો જેનાથી સેકટરવાસીઓને હવાથી ફેલાતા રોગો સહિતનું જોખમ સતાવી રહ્યું છે.

**- લાલુભા વાઘેલા**
**પ્રમુખ,સે-૭, વસાહત મંડળ**

●●●

સેકટર-૭ના મુખ્ય શોપીંગમાં અમે ૧૯૮૯થી હરાજીમાં લીધેલી માલિકીની દુકાનો ધરાવીએ છીએ. આ દુકાનો હવે નાની પડે છે. પરંતુ તંત્ર અમને ઉપર બાંધકામની મંજુરી આપતું નથી જે અમે અમારા સ્વ ખર્ચે કરવાના છીએ. બીજી તરફ ગેરકાયદેસર કોમર્શિયલ દબાણો ત્રણ ત્રણ માળ સુધી વિસ્તરી રહ્યા છે જેમને કોઈ રોકનાર નથી.

**- જયંતિભાઈ પટેલ**
**પ્રમુખ, સે-૭ મેઈન શોપીંગ સેન્ટર વેપારી મંડળ**

●●●

સે-૭માં ધોળે દિવસે ચોરી થાય છે, જાહેર સાફસફાઈનો અભાવ છે તેમજ કેટલાંક વિસ્તારમાં સાઈન બોર્ડ જ નથી. સે-૭-એનો નાનો બગીચો ફેન્સિંગના અભાવે ખરાબ થઈ રહ્યો છે જયારે નવો રિનોવેટ કરેલો બગીચો અપુરતી બેઠક વ્યવસ્થાને કારણે અગવડભર્યો બન્યો છે. સે-૭માં વધતી ઝુંપડપટ્ટીઓના કારણે અનેક દૂષણો વધ્યાં છે.

**- જસવંત ગાંધી**
**પ્રમુખ, સે-૭-એ વસાહત મંડળ**